# BUSINESS મિત્ર

# બજાર ઘટ્યું છતાં રોકાણકારોને રૂ. 1.87 લાખ કરોડની કમાણી

**સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં, ફ્રન્ટલાઇન શેરોની સામે મિડ-સ્મોલકેપ શેરોમાં પોઝિટિવ વલણ જોવાયું**

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 20:** સપ્તાહની શરૂઆત થતાની સાથે વૈશ્વિક અનિશ્ચિતતા સહિત વૈશ્વિક બજારોના નબળા સંકેતોના કારણે ભારતીય શેરબજાર પણ લાલ નિશાનમાં ખુલ્યું હતું. અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ વધુ ઘેરો બન્યો હોવાના અહેવાલના પગલે બ્રેન્ટ ક્રુડ 90 ડોલરને પાર કરીને 91 ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી ગયા છે. જેનાથી મોંઘવારી દર વધવાની ભીતિએ શેરબજારમાં નરમાઇ જોવા મળી હતી. એટલું જ નહીં, વીક એન્ડ દરમ્યાન ખાનગી બેન્ક એચડીએફસી, એક્સીસ, આઇસીઆઇસીઆઇ, કોટકના પરિણામો અપેક્ષા કરતા સારા આવ્યા હોવા છતાં આજે દબાણ હેઠળ જોવાયા હતા. જેમાં ખાનગી બેન્કોની વેચવાલીના લીધે સેન્સેક્સ 700 પોઇન્ટથી વધુ ઘટ્યો હતો. જ્યારે નિફ્ટી 24150ની નીચે સરકી ગઇ હતી. પણ બ્રોડર માર્કેટે બજારને પકડી રાખ્યું હતું અને તેના લીધે રોકાણકારોને કમાણી થઇ હતી.

શેરબજારમાં પ્રાઇવેટ બેન્કોની વેચવાલીના દબાણના લીધે બજાર નીચે સરકતું જોવાયું હતું, જેની સામે પીએસયુ અને ફાર્મા શેરો બજારને બહાર લાવવા માટે ટેકો આપ્યો હતો, પણ સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જોકે, બ્રોડર માર્કેટમાં પોઝિટિવ વલણના લીધે રોકાણકારોએ રૂ. 1.87 લાખ કરોડની કમાણી કરી હતી. બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 480.82 લાખ કરોડથી વધીને રૂ. 482.70 લાખ કરોડ પર પહોંચી ગઇ છે.

બીએસઇ સેન્સેક્સ 442.93 પોઇન્ટ એટલે કે 0.57 ટકા ઘટીને 77708.52 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78151 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77368 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 95.80 પોઈન્ટ એટલે કે 0.39 ટકા ઘટીને 24238.50 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24266 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24135 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 576.40 પોઈન્ટ એટલે કે 0.98 ટકા ઘટીને 58000 પોઈન્ટની સપાટી તોડીને 57945 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જેએસડબલ્યુ સ્ટીલમાં 7.82 ગણા, ગેઇલ ઈન્ડિયામાં 6.33 ગણા, ઈન્ડસઈન્ડ બેન્કમાં 6.29 ગણા, પીએનબીમાં 5.41 ગણા, અપોલો હોસ્પિટલમાં 4.22 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સુપ્રીમ પેટ્રોકેમમાં 27.38 ગણા, ઈન્ડિયન ઓવરસીઝ બેન્કમાં 8.3 ગણા, ગાબરીયલ ઈન્ડિયામાં 6.43 ગણા, પીએનબીમાં 6.28 ગણા, ગેલેન્ટ ઈસ્પાતમાં 4.19 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન જોવાયું હતું, જેઓએ ફ્રન્ટલાઇન શેરોથી વિપરીત ચાલ દર્શાવી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.47 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.21 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઇ ખાતે 2227 શેરો વધ્યા હતા, જ્યારે 2038 શેરો ઘટ્યા હતા અને 285 શેરો યથાવત રહ્યા હતા. કોમોડિટીઝ માર્કેટમાં સપ્ટેમ્બર સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 10 સેન્ટ વધીને 88.20 ડોલર પ્રતિ બેરલ બોલાતા હતા.

નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ 2.20 ટકા ઘટ્યો હતો, જેમાં એકસીસ બેન્ક, એચડીએફસી બેન્ક પાંચ ટકાથી વધુ તૂટયા હતા. આ ઉફરાંત, યસ બેન્ક, કોટક બેન્ક, બંધન બેન્ક અને આરબીએલ બેન્ક પણ નરમ રહ્યા હતા. જ્યારે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક અને ઈન્ડસઈન્ડ બેન્ક વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર 140 પોઈન્ટના ઘટાડા સાથે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. ગત સપ્તાહના અંતમાં તીવ્ર વૈશ્વિક તકનિકી શેરોના વેચાણ પછી, રોકાણકારો કંપનીઓની કમાણી અને યુરોપિયન સેન્ટ્રલ બેન્કની બેઠખ તથા યુકેના રાજકીય નેતૃત્વમાં ફેરફારના પગલે આજે યુરોપિયન બજારો મિશ્ર વલણ ચાલી રહ્યું છે.

જ્યારે અખાતના સંઘર્ષથી ક્રુડ ઓઇલના ભાવમાં ઝડપી ઉછાળો અને ફુગાવો ઉછળી જવાની ભીતિએ એશિયન બજારો પણ મિશ્ર બંધ રહ્યા હતા. યુએસ સૈન્યએ ઈરાન વિરૂદ્ધ સતત 9માં દિવસે હુમલા શરૂ કર્યા હોવાથી બ્રેન્ટ ક્રુડ એક મહિનાથી વધુ સમયમાં પ્રથમ વખત 90 ડોલર પ્રતિ બેરલની ઉપર પહોંચ્યો હતો. કોમોડિટી માર્કેટમાં બ્રેન્ટ યોગ્ય રીતે 2.6 ટકા વધીને 90.40 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો, જ્યારે યુએસ ક્રુડ 2.3 ટકા વધઈને 84.39 ડોલર થયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.54 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.09 ટકા અને ડેક્સ 0.02 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 4.20 ટકા, સ્ટ્રેઇટસ 0.19 ટકા, તાઇવાન 0.52 ટકા, કોસ્પી 4.67 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 2.26 ટકા, જકાર્તા 0.90 ટકા અને શાંઘાઇ 0.85 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## ક્રુડ ઉછળતા ડોલરમાં મજબૂતાઇ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 20: અમેરિકા-ઇરાન સંઘર્ષ વધવાના કારણે ક્રુડ ઓઇલના ભાવમાં ઝડપી ઉછાળો જોવાયો હતો અને તેના લીધે ડોલરમાં વધુ મજબૂતાઇ જોવા મળી હતી. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 16 પૈસા સુધરીને 96.45ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.29ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.85, પાઉન્ડ 130.32, કેનેડિયન ડોલર 68.88, ઓસ્ટ્રેલિયન ડોલર 67.50, જાપાનીઝ યેન 0.5939, સીંગાપોર ડોલર 74.75ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 96.45 રૂ. |
| યુરો | 110.85 રૂ. |
| પાઉન્ડ | 130.32 રૂ. |
| યેન | 0.5939 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -442.93 | 77708.52 |
| નિફ્ટી | -95.80 | 24238.50 |
| બેન્ક નિફ્ટી | -576.40 | 57945.00 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 2.94 | 2925.90 |
| પાવરગ્રીડ | 1.82 | 288.70 |
| ભારતી એરટેલ | 1.64 | 1940.10 |
| સીપલા | 1.61 | 1441.60 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 1.59 | 1257.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 5.46 | 1256.00 |
| એચડીએફસી બેન્ક | 5.12 | 777.60 |
| મારૂતિ સુઝુકી | 2.09 | 14514.00 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.03 | 382.05 |
| જિયો ફાઇનાન્સીયલ | 1.67 | 238.92 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 2.98 | 2926.45 |
| પાવરગ્રીડ | 1.82 | 288.80 |
| એનટીપીસી | 1.57 | 347.15 |
| ભારતી એરટેલ | 1.55 | 1938.40 |
| એસબીઆઇ | 1.51 | 1059.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 5.38 | 1256.10 |
| એચડીએફસી બેન્ક | 5.12 | 777.65 |
| મારૂતિ સુઝુકી | 2.18 | 14507.45 |
| કોટક બેન્ક | 2.00 | 382.05 |
| ઇન્ફોસીસ | 0.92 | 1086.85 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ” | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ ” | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ ” | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૦૦૦ |
| એમ-૩૦ | ૫૦૦૦ |
| એસ-૩૦ | ૪૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૯૦૦ |
| એસ-૩૦ | ૪૮૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૬૬૩૦ |
| તેજાબી સોનું | ૧૪૬૫૪૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૩૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૩૭૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૬૩૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૫૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૭૩૦૦ |

# સોનું રૂ. 1,400ના ઉછાળા સાથે રૂ. 1.47 લાખ/10 ગ્રામ નજીક પહોંચ્યું

**ચાંદીમાં રૂ. 1,000ના ઘટાડા સાથે રૂ. 2.21 લાખ પ્રતિ કિલોગ્રામ થયા**

નવી દિલ્હી, તા. 20 (PTI): વૈશ્વિક મજબૂત વલણો વચ્ચે સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ રૂ. 1,400 ઉછળીને 10 ગ્રામદીઠ રૂ. 1.47 લાખની નજીક પહોંચ્યા હતા.

ઓલ ઇન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, 99.9 ટકા શુદ્ધતા ધરાવતી આ કિંમતી ધાતુ શુક્રવારના બંધ સ્તર રૂ. 1,45,500 પ્રતિ 10 ગ્રામથી રૂ. 1,400 વધીને રૂ. 1,46,900 પ્રતિ 10 ગ્રામ (તમામ કર સહિત) થઇ હતી.

જોકે, ચાંદીમાં રૂ. 1,000નો ઘટાડો થઈને રૂ. 2,21,500 પ્રતિ કિલોગ્રામ (તમામ કર સહિત) થઇ હતી, જે સતત છઠ્ઠા સત્રમાં ઘટાડો દર્શાવે છે. અગાઉના સત્રમાં તે રૂ. 2,22,500 પ્રતિ કિલો પર બંધ થઇ હતી.

10 જુલાઈથી અત્યાર સુધીમાં ચાંદીમાં કુલ રૂ. 15,500 અથવા 6.5 ટકાનો ઘટાડો થયો છે.

વેપારીઓએ જણાવ્યું હતું કે, ગયા સપ્તાહના તીવ્ર ઘટાડા પછી સોનામાં નીચા ભાવે ખરીદી જોવા મળી હતી. જોકે, ફેડરલ રિઝર્વ વ્યાજદરો ઊંચા રાખી શકે છે તેવી અપેક્ષાઓ અને ભૌગોલિક રાજકીય જોખમોનું મૂલ્યાંકન કરતા રોકાણકારોને કારણે ચાંદીમાં વેચવાલી ચાલુ રહી હતી.

એચડીએફસી સિક્યોરિટીઝના સિનિયર એનાલિસ્ટ - કોમોડિટીઝ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, “ગયા સપ્તાહના તીવ્ર ઘટાડા પછી સસ્તા ભાવે ખરીદીને કારણે આંતરરાષ્ટ્રીય બજારોમાંથી હકારાત્મક સંકેતો મેળવીને સોમવારે સોનામાં સુધારો થયો હતો.”

યુએસ ડોલરમાં નરમ વલણે પણ વિદેશી ખરીદદારો માટે આ કિંમતી ધાતુનું આકર્ષણ વધાર્યું હતું.

આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્પોટ ગોલ્ડ સહેજ વધીને આશરે 4,020 યુએસ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું હતું, જ્યારે ચાંદી લગભગ 2 ટકા વધીને 56.88 યુએસ ડોલર પ્રતિ ઔંસ થઈ હતી.

## એકસીસ, એચડીએફસી અને કોટક બેન્કના પરિણામ પછી ક્રેશ થઇ ગયા

મુંબઇ, તા. 20: મીડલ ઈસ્ટના તણાવ વચ્ચે ક્રુડ ઓઈલ ઉછળ્યું હતું અને તે 90 ડોલરની ઉપર ભાવ નીકળી ગયો હતો. જેના લીધે સેન્સેકસ-નિફ્ટી તૂટયા હતા. જેની આગેવાની ખાનગી બેન્કોએ લીધી હતી. એચડીએફસી બેન્ક, એકસીસ બેન્ક અને કોટક મહિન્દ્રા બેન્કના શેરોના ભાવો તૂટયા હતા. જેના બે દિવસ પહેલા જ જુન કવાર્ટરના પરિણામો આવ્યા હતા, આ પરિણામો અંદાજ કરતા સારા રહ્યા હતા, આમ છતાં બેન્કોના શેરોમાં વેચવાલીનું દબાણ જોવાયું હતું. વિશ્લેષકોનું કહેવું છે કે, આ બેન્કોના માર્જિન દબાણમાં હતા અને હજુય એકાદ કવાર્ટર સુધી આ પરિસ્થિતિ ચાલુ રહેવાની સંભાવાન છે અને તેના લીધે વેચવાલી હાવી રહી હતી. જેમાં એકસીસ બેન્ક અને એચડીએફસી બેન્ક પાંચ-પાંચ ટકાથી વધુ તૂટયા હતા.

## કરુર વૈશ્ય બેંકનો કાર્યકારી નફો વધીને રૂ. 1,096 કરોડ થયો

મુંબઈ, તા. 20 : કરુર વૈશ્ય બેંકનો પ્રથમ ત્રિમાસિક ગાળાનો ઓપરેટિંગ નફો 36 ટકા વધીને રૂ. 1,096 થયો છે અને તેની કૂલ નોન પરફોર્મિંગ એસેટ્સ (NPA)માં નજીવો ઘટાડો થયો છે. બેંકનો ચોખ્ખો નફો 44.9% વધીને રૂ. 756 કરોડ થયો છે જે અગાઉના નાણાકીય વર્ષમાં રૂ. 521 કરોડ હતો. કરુર વૈશ્ય બેંકે નાણાકીય વર્ષ 26-27 ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો સોમવારે જાહેર થયા હતા જેમાં કંપની તરફથી આપવામાં આવેલી એક્સચેન્જ ફાઈલિંગ મુજબ, ખાનગી ક્ષેત્રની બેંકે પાછલા નાણાકીય વર્ષના રૂ. 806 કરોડની તુલનામાં વાર્ષિક ધોરણે રૂ. 1,096 કરોડનો કાર્યકારી નફો કાર્યો છે. કંપનીની કુલ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) ક્રમશઃ 0.75 ટકાથી ઘટીને 0.74 ટકા થઈ છે.

# લોંગટર્મ કેપિટલ ગેઈન ટેક્સ નાબૂદ કરવાનો કોઈ વિચાર નથી: કેન્દ્રીય મંત્રી

**ઇક્વિટી ઇન્વેસ્ટમેન્ટ પર એલટીસીજી ટેક્સનો દર દરેક માટે સમાન છે**

નવી દિલ્હી, તા. 20: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે શેરબજારમાં વધઘટે મંદીની ઝપેટમાં ગરકાવ થઇ રહ્યું હતું, ત્યારે શેરબજારમાં લોંગટર્મ કેપિટલ ગેઈન ટેક્સ તથા શોર્ટટર્મ કેપિટલ ગેઈન ટેક્સ હટી જવાની જોરશોરથી ચર્ચા જાગી હતી.

આજરોજ સંસદની શરૂઆત થતાની સાથે જ કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ સ્પષ્ટતા કરી દીધી હતી કે, રિટેલ અને સ્થાનિક રોકાણકારો માટે ઈક્વિટી ટ્રાન્ઝેકશન પર લાંબા ગાળાના કેપિટલ ગેઈન ટેક્સ નાબૂદ કરવાની હાલમાં સરકારની કોઈ વિચારણા કે દરખાસ્ત નથી.

બજારમાં સકારાત્મક વાતાવરણ બનાવવા, સ્થાનિક રોકાણકારોના હિતોનું રક્ષણ કરવા અને વિદેશી અને ભારતીય રોકાણકારો વચ્ચે સમાન તકો સુનિશ્ચિત કરવા માટે સરકાર રિટેલ અને સ્થાનિક રોકાણકારો માટે એલટીસીજી ટેક્સ કયારે નાબુદ કરશે તેવા લેખિત પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, આવી કોઇ દરખાસ્ત વિચારણા હેઠળ નથી.

વધુમાં તેમણે જણાવ્યું હુતં કે, કેપિટલ ગેઈન ટેક્સના દર સહિત તમામ ટેક્સ પોલિસીની સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે. દર વર્ષે બજેટ તૈયાર કરતી વખતે અને જરૂર પડે તો કાયદામાં સુધારો કરતી વખતે આ પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે. આ દરમ્યાન સરકાર દેશના મેક્રો ઈકોનોમિક માપદંડો પણ ધ્યાનમાં લે છે.

ઈક્વિટી ટ્રાન્ઝેક્શન પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સમાંથી સરકારની આવકમાં સતત વધારો થયો છે. આકારણી વર્ષ 2024-25 એટલે કે નાણાકીય વર્ષ 2023-24માં સરકારે 72,249 કરોડ રૂપિયાનો એલટીસીજી ટેક્સ એકત્રિત કર્યો હતો. તે જ સમયે, AY 2025-26 એટલે કે નાણાકીય વર્ષ 2024-25માં, તે વધીને રૂ. 1,29,158 કરોડ થઈ ગઈ છે. આ બે વર્ષમાં સરકારે 2.01 લાખ કરોડ રૂપિયાનો એલટીસીજી ટેક્સ વસૂલ્યો છે. હાલમાં લિસ્ટેડ શેર અને ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સ પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ 12.5 ટકા છે. આ ટેક્સ ત્યારે જ લાગુ પડે છે જ્યારે નાણાકીય વર્ષમાં રોકાણકારનો કુલ લોંગ ટર્મ

# દૂધમાં થતી ભેળસેળ બાબતમાં ચોંકાવનારા ખુલાસાઓ થઈ રહ્યા છે



દૂધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

ભારતમાં જો કોઈ ચીજમાં સૌથી વધુ ભેળસેળ થતી હોય તો તે દૂધ અને ઘી છે. બજારમાં જેટલું પણ કહેવાતું શુદ્ધ દૂધ અને ઘી મળે છે, તેમાંના ૫૦ ટકાથી વધુમાં ભેળસેળ ચાલતી હોય છે. દૂધમાં યુરિયા, શેમ્પુ અને ડિટર્જન્ટ જેવા હાનિકારક પદાર્થો ભેળવવામાં આવે છે તો ઘીમાં વનસ્પતિ તેલથી માંડીને ગાયની ચરબી ઉમેરવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં પ્રતિદિન ૩૦ કરોડ લિટર દૂધનું ઉત્પાદન થાય છે પણ વેચાણ આશરે ૭૦ કરોડ લિટરનું થાય છે. આ વધારાનું ૪૦ કરોડ લિટર દૂધ નકલી હોય છે. નકલી દૂધ બનાવવા માટે પાણીમાં દૂધનો પાવડર, યુરિયા, પામોલિન અને ડિટર્જન્ટ ઉમેરવામાં આવે છે અને ગાઢું મિશ્રણ તૈયાર કરવામાં આવે છે. આવું ૧,૫૦૦ લિટર મિશ્રણ તૈયાર કરીને તેની ગાય કે ભેંસના ૫૦૦ લિટર દૂધમાં મિલાવટ કરવામાં આવે છે. આ દૂધ વારણા કે અમૂલ જેવી મોટી ડેરીઓમાં પણ ભરવામાં આવે છે.

ડેરીમાં માત્ર ચરબીની માપણી કરીને દૂધ ખરીદી લેવામાં આવે છે, પણ તેમાં યુરિયા કે ડિટર્જન્ટની ચકાસણી કરવામાં આવતી નથી. ખાનગી ડેરીઓ અને તબેલાઓ દ્વારા પણ જે દૂધ વેચવામાં આવે છે, તેમાં પણ બેફામ ભેળસેળ કરવામાં આવે છે.મહારાષ્ટ્રના ફુડ એન્ડ ડ્રગ્સ કમિશનર તુકારામ મુંઢે દ્વારા તાજેતરમાં જે ભેળસેળવિરોધી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, તેમાં ચોંકાવનારી હકીકતો બહાર આવી રહી છે. તુકારામ મુંઢે દ્વારા મુંબઈની પ્રતિષ્ઠિત પારસી ડેરી પર દરોડા પાડવામાં આવ્યા તેમાં પણ અનેક જાતની ભેળસેળ જોવા મળી હતી. તુકારામ મુંઢે દ્વારા પારસી ડેરી બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના પુણે જિલ્લાના મંચર અને અંબેગાંવ તાલુકામાં દૂધમાં ભેળસેળ જણાતાં ખાનગી ડેરીના માલિકો દ્વારા તુકારામ મુંઢેના ડરથી લાખો લિટર નકલી દૂધ નદીમાં વહાવી દેવામાં આવ્યું હતું. તુકારામ મુંઢે દ્વારા માત્ર નાના દુગ્ધ ઉત્પાદકો સામે જ કાર્યવાહી કરવામાં આવે છે, તેવું નથી. તાજેતરમાં તેમણે ખાનગી ક્ષેત્રની ગોવર્ધન અને સોનાઈ જેવી મોટી ડેરીઓ સામે પણ કાર્યવાહી કરી છે. તેમના દૂધના નમૂનાઓ લઈને લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. આ કાર્યવાહીમાં બહાર આવ્યું છે કે મહારાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રના કેટલાક રાજકીય નેતાઓ પણ આ ભેળસેળમાં જોડાયેલા છે.

પુણે જિલ્લાના મંચર વિસ્તારમાં ફુડ સેફ્ટી વિભાગે નકલી દૂધ ઉત્પાદનના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે અને આ કેસમાં મંચર પોલીસ સ્ટેશનમાં ૨૬ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન લગભગ ૨ લાખ ૪ હજાર ૪૯૦ રૂપિયાનો માલ અને ૧ હજાર ૩૮૫ કિલો ભેળસેળયુક્ત સામગ્રી જપ્ત કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓની કામગીરીનો વિસ્તાર પુણે, અહિલ્યાનગર, સોલાપુર અને થાણે જિલ્લા સુધી વિસ્તર્યો છે. તપાસ એજન્સીઓ આ કેસનો વ્યાપ વધુ વ્યાપક હોવાની શક્યતા વ્યક્ત કરી રહી છે અને વધુ તપાસ ચાલુ છે. અત્યાર સુધીમાં પોલીસે ૧૩ આરોપીઓની ધરપકડ કરી છે. બરાબર ૧૫ વર્ષ પહેલાં કોર્ટે દૂધ ભેળસેળ કેસમાં સંદીપ કાંતિલાલ લોઢાને નિર્દોષ જાહેર કર્યા હતા. મંચર દૂધ કૌભાંડમાં તેમનું નામ ફરી સામે આવતાં તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના સિન્નર તાલુકામાં દૂધમાં ભેળસેળ કરવા માટે વપરાતા દૂધના પાવડરનો મોટો જથ્થો જપ્ત થયા બાદ કમિશનર તુકારામ મુંઢે સમક્ષ માંગણી કરવામાં આવી છે કે આ કેસનો મુખ્ય સૂત્રધાર હજુ પણ ફરાર હોવાથી તેની સામે કાર્યવાહી કરવામાં આવે. સામાજિક કાર્યકર ભાઉસાહેબ બૈરાગીએ આ અંગે તુકારામ મુંઢેને સીધી ફરિયાદ નોંધાવી છે. તેમણે તાલુકામાં નકલી દૂધ કેસના રેકેટ અને તેના વ્યાપ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે આ કૌભાંડમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના કેટલાક અધિકારીઓની સંડોવણી બાબતમાં માહિતી આપી હતી.

ભેળસેળયુક્ત દૂધને ટકાઉ બનાવવા માટે તેમાં બેકિંગ સોડા, વોશિંગ સોડા, વોશિંગ પાવડર અને યુરિયા જેવા પદાર્થો ભેળવવામાં આવે છે. દૂધમાં પાણી ઉમેરીને તેનું પ્રમાણ વધારવાથી તેનું SNF (ઘન પદાર્થોથી મુક્ત ચરબી) ઘટે છે. આને ટાળવા માટે તેમાં લેક્ટોઝ, ખાંડ, ગ્લુકોઝ, લોટ અને મેંદા જેવા સ્ટાર્ચ, તેમ જ મીઠું, યુરિયા, સ્કીમ મિલ્ક (દૂધ પાવડર) ઉમેરવામાં આવે છે. દૂરના વિસ્તારોમાં દરરોજ એકત્રિત કરવામાં આવતું દૂધ એક જ સમયે એક સંગ્રહકેન્દ્રમાં એકત્રિત કરવામાં આવે છે. ત્યાં પણ દૂધને સાચવવા માટે તેમાં બેકિંગ સોડા, વોશિંગ સોડા, વોશિંગ પાવડર, યુરિયા વગેરે જેવા પદાર્થો ભેળવવામાં આવે છે. ભેળસેળયુક્ત અસાધ્ય રોગોનું કારણ બની શકે છે. ભેળસેળયુક્ત દૂધનું સેવન કરવાથી ક્ષય રોગ થઈ શકે છે. દૂધમાં યુરિયાની ભેળસેળ કરવાથી કિડની, હૃદય અને લીવર જેવાં અંગો નિષ્ફળ જઈ શકે છે કારણ કે તેમાં નાઇટ્રોજન ઘટક હોય છે. ઉપરાંત કોસ્ટિક સોડા સાથે ભેળસેળ કરવાથી શરીરને એમિનો એસિડ લાયસિન મળતું નથી, જે શરીરના વિકાસ માટે જરૂરી છે. પરિણામે નાનાં બાળકોના વિકાસ પર અસર પડે છે અને તેમના શરીરનો વિકાસ અટકી જાય છે. આમાં રહેલાં સોડિયમ જેવાં તત્ત્વો માનવશરીરને અસર કરે છે અને હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગ જેવા રોગોનું કારણ બને છે.

મહારાષ્ટ્ર રાજ્યમાં દૂધની ભેળસેળ રોકવા માટે ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા શરૂ કરાયેલા મોટા અભિયાનનો રેલો મોટી દૂધ ઉત્પાદક કંપનીઓ સુધી પણ પહોંચ્યો છે. બુધવારે FDA ની શાખાએ ઇન્દાપુર અને મંચર પરિસરમાં બે મોટી દૂધ કંપનીઓનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યું હતું અને તેમની દૂધ ખરીદી પ્રક્રિયા, સપ્લાયરની માહિતી અને ગુણવત્તા નિયંત્રણ પ્રણાલીની તપાસ કરી હતી. આ તપાસ દૂધ સંગ્રહકેન્દ્રો, ચિલિંગ સેન્ટરો અથવા અન્ય સંબંધિત સંસ્થાઓ વિશે માહિતી એકત્રિત કરવા માટે હાથ ધરવામાં આવી હતી. તેમનો ભેળસેળયુક્ત દૂધ સપ્લાય કરતી ચેઇન સાથે તેમનો કોઈ વ્યાવસાયિક સંબંધ છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવી રહી છે. એફડીએ અધિકારીઓએ દૂધ ખરીદીના રેકોર્ડ, સપ્લાયરની વિગતો, ગુણવત્તા ચકાસણી, દસ્તાવેજો અને ઉત્પાદન પ્રક્રિયાઓની તપાસ કરી હતી. અગાઉ, FDA અને પોલીસ વહીવટીતંત્રે પુણે, અહિલ્યાનગર, સોલાપુર, જાલના અને થાણે જિલ્લામાં ૧૩ સંસ્થાઓ પર સંયુક્ત દરોડા પાડ્યા હતા. આ દરોડામાં દૂધની પ્રક્રિયા દરમિયાન તેમાં પાણી, સ્કિમ્ડ મિલ્ક પાવડર, છાશ (ડેરી પરમીટ) પાવડર, ઇમલ્સિફાયર, ડિટર્જન્ટ અથવા શેમ્પૂ અને પામ તેલ ભેળવીને કૃત્રિમ દૂધ તૈયાર કરવામાં આવી રહ્યું હોવા અંગે ચોંકાવનારી શોધ થઈ હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે કૃત્રિમ દૂધને કુદરતી દૂધમાં ભેળવીને બજારમાં વેચાણ માટે મોકલવામાં આવી રહ્યું છે.

વિધાનસભા પરિષદના સહકાર મંત્રી અતુલ સાવેએ આ અંગે માહિતી આપતાં કહ્યું કે પુણે જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે કાત્રજ ડેરી સામેની ફરિયાદોની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. તપાસનો અહેવાલ બે મહિનામાં રજૂ કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે જો તપાસ દરમિયાન જ ડેરીમાં કોઈ પણ પ્રકારની અનિયમિતતા, નાણાંકીય ગેરરીતિ કે અન્ય કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાશે તો સંબંધિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સહકાર મંત્રી અતુલ સાવેએ જણાવ્યું હતું કે કાત્રજ ડેરી અંગે ફરિયાદ મળ્યા બાદ વિભાગીય સબ-રજિસ્ટ્રારને તપાસ માટે આદેશ આપવામાં આવ્યા હતા. બે સભ્યોની તપાસ સમિતિની સ્થાપના કરવામાં આવી છે અને તેમાં ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવશે.

દૂધ અને દૂધનાં ઉત્પાદનોમાં ભેળસેળ, કૃત્રિમ દૂધ ઉત્પાદન અને ખાદ્ય સુરક્ષા નિયમોના ઉલ્લંઘનને રોકવા માટે FDA એ રાજ્યભરમાં કડક નિયમો લાગુ કર્યા છે. નવા આદેશ મુજબ કાચા દૂધના દરેક કન્ટેનર પર ‘કાચું દૂધ’ અને ‘આ દૂધ વપરાશ પહેલાં ઉકાળવું જરૂરી છે’, તેવી માહિતી આપવી ફરજિયાત બનાવવામાં આવી છે. પાશ્ચરાઇઝ્ડ દૂધ ફક્ત સીલબંધ, લેબલવાળા અને ટેમ્પર-પ્રૂફ પેકેજિંગમાં વેચાણ માટે ઉપલબ્ધ કરાવવું જરૂરી રહેશે. દૂધના સંગ્રહથી અંતિમ વેચાણ સુધીની સમગ્ર સપ્લાય ચેઇનનું નિરીક્ષણ, કોલ્ડ સ્ટોરેજની જાળવણી, પ્રમાણિત પ્રક્રિયા સાધનોનો ઉપયોગ કરતાં કર્મચારીઓનું વાર્ષિક તબીબી પ્રમાણપત્ર ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**એક અંદાજ પ્રમાણે ભારતમાં પ્રતિદિન ૩૦ કરોડ લિટર દૂધનું ઉત્પાદન થાય છે પણ વેચાણ આશરે ૭૦ કરોડ લિટરનું થાય છે. આ વધારાનું ૪૦ કરોડ લિટર દૂધ નકલી હોય છે**


**ગુજરાતમિત્ર ટચૂકડી** ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**શિક્ષકો જોઈએ છે**
પૂર્વ પ્રાથમિક વિભાગઃ પ્રિ.પી.ટી.સી. પ્રાથમિક વિભાગઃ ગણિત, વિજ્ઞાન. વ્યવસાયલક્ષી શિક્ષકોઃ ઈન્ટિરિયર ડિઝાઈન, ઈલેક્ટ્રિકલ, ઓટોમોબાઈલ, પ્લમ્બિંગ, સુથારીકામ. તા. ૨૪/૦૭/૨૬ સવારે ૧૦ કલાકે. આઈ.જી.દેસાઈ વિદ્યાસંકુલ, સી.એન. જી.પંપની સામે, ભટાર ચાર રસ્તા, સુરત (મો) ૯૮૭૯૨૦૯૮૭૪. (j)

**જોઈએ છે**
કોમ્પ્યુટર સ્ટોર માટે ડિલિવરી બોય અને ઓફિસના કામ માટે મહિલા કર્મચારી (ટેલી ઓપરેટર) યશ્વી ઈન્ફોટેક (નાનપુરા)- 9824651603

**શૂટિંગ- શર્ટિંગ કાપડના**
શોરૂમ માટે અનુભવી સેલ્સમેન તેમજ બિનઅનુભવી માણસ જોઈએ, આરતી ટેકસટાઈલ, ચૌટાપુલ, સુરત, રૂબરૂ મળવાનો સમય સવારે 10:30થી 2:00 સુધી, ફોનઃ 9825146864

**મિલ્કત વેચવાની છે**

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**બોટોનિકલ ગાર્ડન**
પાસે 130 વારનુ સુંદર હવા- ઉજાસવાળુ રોહાઉસ તાત્કાલિક વેચવાનુ. 9374535403 (215)

**વકીલ, CA**
આર્કીટિક, ટ્રાવેલ્સ વગેરે લાયક ઓફિસ વેચવાની છે પાર્લે પોઈન્ટ મેઈન રોડ 9879276073

**મહિધરપુરા માં**
2 બેડરૂમ નો ફર્નિસ્ડ ફ્લેટ વેચવાનો છે 9879276073

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. (ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર, ધૃષ્ણેશ્વર) (સાપુતારા) (સ્ટેચ્યુ ઓફ યુનિટી) (અષ્ટવિનાયક). અજયભાઈ- 7802062340

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ. 1500/- આલીશાન, ભવાનીવડ, હરીપુરા, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.